**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૬/૨/૨૦૧૪ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૪૮૩/૧૪**

**ક્રાઇમ બ્રાન્ચ :-** **(૧)**

ડી.સી.બી. પો.સ્ટે. સ્ટે.ડા.એ.નં.૮/૧૪ તા.૧૫/૨/૨૦૧૪ સી.આર.પી.સી. કલમ:-૪૧(૧)આઇ મુજબનાં કામનાં આરોપી હરવીરસિહ S/O કેદારસિહ ઠાકુર (શાક્ય) ઉવ.30 રહે.લાલ પ્લાઝા રોયલ અકબર ટાવર પાસે અમદાવાદ શહેર નાને તા.૧૫/૨/૨૦૧૪ ના કલાક ૧૪/૩૦ વાગે પકડી અટક કરી પુછપરછ કરતા બે ત્રણ દીવસ પહેલા રાતના સમયે કલોલ ટાઉન વિસ્તારમા સગાઇ પ્રસંગે રીવોલ્વર થી ફાયરીગ કરેલ ગુનામા વોન્ટેડ હોવાનુ જણાય આવેલ હોય જેથી કલોલ ટાઉન પોલીસ સ્ટેશનનાં II ગુ.ર.નં.૪૫/૨૦૧૪ ઇપીકો કલમ ૨૮૬, ૧૧૪ તથા આર્મ્સ એક્ટ ૨૫(૧)એ તથા ૨૯ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબનો ગુનો ક્રાઇમબ્રાન્ચે ડીટેક કરેલ છે.

**(૨)**

શ્રી એ.કે.શર્મા સાહેબ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી ક્રાઇમબ્રાન્ચ નાઓએ અમદાવાદ શહેરમાં લુંટ વીથ મર્ડર જેમાં આર્મ્સનો ઉપયોગ કરી ફાયરીંગ કરી મોત નિપજાવેલ હોય તેવા ગુનાઓ શોધી કાઢવા આપેલ સુચનાઓ અનુસાર ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.બી.રાણા તથા પો.સ.ઇ.શ્રી જે.એન.ઝાલા તથા સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાંન સાથેના એએસઆઇ અરવિંદભાઇ સોમાભાઇ ને મળેલ બાતમી આધારે ધર્મેન્દ્રભાઇ મણીભાઇ પટેલ ઉ.વ.૩૯ રહે.૩૬, આલોક બંગલોઝ, ઇન્દ્રપ્રસ્થ ચાર રસ્તા, ન્યુ રાણીપ, અમદાવાદ શહેર નાને ચાંદલોડિયા ઉમિયાહોલ ચાર રસ્તા પાસેથી પસાર થતા પકડી તેની અંગજડતી કરતા તેના પેન્ટના ગજવામાંથી ગેરકાયદેસર વગર પાસ પરમિટની પિસ્ટલ કિં.રૂ.૨૫૦૦૦/ તથા ત્રણ કારતુસ કિં.રૂ.૧૫૦/ મળી કુલ્લે કિં.રૂ.૨૫,૧૫૦/ નો મળી આવતા તેના વિરુધ્ધ ડીસીબી પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં.૩૦૧૫/૨૦૧૪, આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(બી-એ) તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબનો ગુનો દાખલ કરેલ છે.

સદરીને તેના કબજામાંથી મળેલ પિસ્ટલ તથા કારતુસો બાબતે પુછતા તેણે લલ્લુ નામના માણસને આ પિસ્ટલ ખરીદવા રૂ.૩૦,૦૦૦/ આપેલ હતા અને આ પિસ્ટલ તથા કારતુસ લલ્લુના કહેવાથી ચંદ્રશેખર નામનો માણસ વીસ પચીસ દિવસ પહેલા આપી ગયેલાનું જણાવેલ છે.આરોપીની વધુ પુછપરછ જારી છે.

**વટવા પો.સ્ટે.:-**

**(૧)**

વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૫૭/૧૪ ઇ.પી.કો કલમ ૩૭૯, ૧૧૪ મુજ્બના કામના આરોપી (૧) ચિરાગ સ/ઓ વિનોદભાઇ મકવાણા ઉ.વ.૧૯ રહે ઇન્દરાનગર વિભાગ -૧ મ.ન.૧૬૧૦ લાંભા ગામ પાસે તા. દશ્કોઇ જી. અ;વાદ (૨) દિપક સ/ઓ રાજેશભાઇ ગવાઇ ઉ.વ.૧૯ રહે ઇન્દિરાનગર વિભાગ -૧ મ.ન.૧૬૧૮ લાંભા ગામ પાસે તા. દશ્કોઇ જી. અમદાવાદ નાને તા.૧૫/૨/૨૦૧૪ ના કલાક ૧૩/30 વાગે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ શ્રી જે.એન.ગોસ્વામી નાઓએ પકડી અટક કરી મુદામાલ એક ટીવીએસ વીક્ટર મો.સા. જેનો આર.ટીઓ નં જીજે-૧-ડીજી જેમાં મો.સા. નો ચેચીસ નં N-33-O૫ એફ ૫૨૯૧૫૬ જેવો વંચાય છે. જેની કિ.રૂ ૨૦,૦૦૦/- કબ્જે લઇ કાયદેસરની કાર્યવાહી કરેલ છે

**(૨)**

વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૬૧૨/૧૩ ઇ.પી.કો કલમ ૪૫૭, ૩૮૦ મુજ્બના કામના ઘરફોડ ચોરીનાં આરોપી (૧) દીલીપ @ દીપો ડાહ્યાભાઇ ચુનારા ઉ.વ ૫૦ રહે ખજુરી બસ સ્ટેન્ડ પાસે ભારતગેસ એજન્સી પાછળ, વટવા, નારોલ, અમદાવાદનાને સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ શ્રી જે.એન.ગોસ્વામીએ તા.૧૫/૨/૨૦૧૪ ના કલાક ૨૩/૦૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી ચાલુ છે.

**મહિલા પોલીસ સ્ટેશનઃ-**

સુરક્ષા સેતુ સોસાયટી અંર્તગત અમદાવાદ શહેરમાં મહિલાઓની સુરક્ષા અને સલામતી સારૂ જાગૃતી લાવવા સારુ મહિલા પોલીસ સ્ટેશનના ઇ.પો.ઇન્સ.એચ.જી.કટારીયા તથા મહિલા સેલની ટીમ દ્વારા પરિમલ ગાર્ડન ખાતે તા.૧૬/૨/૧૪ સવાર કલાક ૭/30 થી ૯/30 સુધી પરિમલ ઉધાન પરિવારના પચાસેક જેટલા સભ્યો તથા ગાર્ડનમાં મોર્નીગ વોક સારુ આવતા પચાસેક બહેનોને સાવચેતીમાં સલામતી તથા હેલ્પલાઇન ૧૦૯૧ ની સમજ આપવામાં આવેલ છે તથા પેફ્લેટની વહેચણી કરવામાં આવેલ છે.



નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.